# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૬ જૂન, ૨૦૧૩)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૧ : પ્રશ્નપત્ર - ૧**

નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

### વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. કોને માથે કાળ, કર્મ ને માયા તેનો હુકમ નથી ?
૨. ક્યારે ભગવાનના આકારનું ખંડન કર્યું કહેવાય ?
૩. અક્ષરધામને પામ્યો જે ભક્ત શું પામે છે ? અને શું કરે છે ?
૪. ઇન્દ્રિયો-અંતઃકરણને શેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી ?

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. દેશવાસના કેવી રીતે ટાળી શકાય ?
૨. ગ. પ્ર. ૭૧ પ્રમાણે ભગવાન શા માટે પોતાના ભક્તજનની સર્વે સેવાને અંગીકાર કરે છે ?
૩. અષ્ટ પ્રકારની પ્રતિમામાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે એ વાત શ્રીજીમહારાજે કઈ રીતે સમજાવી છે ?
૪. જીવની ભ્રષ્ટ બુદ્ધિ સારી કરવાનો ઉપાય કયો છે ?

**પ્રશ્ન. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. 'સૂર્ય ઉદય થતાં ચંદ્રમાદિકના તેજ લીન થાય છે.' તે દૃષ્ટાંતે પુરુષોત્તમ ભગવાનનું અધિકપણું.
૨. 'સુવર્ણનો ઢગલો તથા પથ્થરનો ઢગલો'ના દૃષ્ટાંતે ભગવાનનું નિવાસસ્થાન.
૩. બાળકના હાથમાં ચિંતામણિ હોય.

**પ્રશ્ન. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. રાજા પરીક્ષિતે શુકદેવજી જેવા એકાંતિક સંતના મુખ થકી ભાગવતની કથા સાંભળતાં સાત દિવસમાં મોક્ષ થયો.
૨. ક્રોધાવેશમાં નેપોલિયન બોનાપાર્ટે પોતાના જ અંગત મિત્રને મારી નાખ્યો.
૩. ભાલ જેવા પ્રદેશમાં મહારાજને ખુદા જાણી દાતણ આપનાર બીબડી બુદ્ધિશાળી હતી.
૪. શિવલાલ શેઠ સોપારી ચાવતા હતા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'સભામાં હાડકું કોણ ચાવે છે.'

**પ્રશ્ન. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૯]

૧. અનંત મુક્ત થઈ ગયા ....... કોઈ સમર્થ નથી.
૨. અને થોથાની પેઠે ....... દૃઢ મન કરીને રહેવું.
૩. માટે દેહે અને દેહના ....... તે સાધુ કહેવાય.

### વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨' - નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. ઘનશ્યામનાં બાળચરિત્રોમાંથી પ્રગટ થતો એકાંતિક ધર્મ.
૨. સૌરાષ્ટ્રના ભાવભીના પ્રદેશમાં નીલકંઠવર્ણી.
૩. શ્રીહરિનો પાંચાળામાં પ્રવેશ.

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. તીર્થરાજ લોજમાં નીલકંઠનું ઐશ્વર્ય દર્શન
૨. રામપ્રતાપભાઈને થયેલો ઘનશ્યામના ઐશ્વર્યનો અનુભવ
૩. ઉત્તરાખંડમાં નીલકંઠવર્ણી

**પ્રશ્ન. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. જોબનને ભગવાનનો ઘોડો ઉપાડવાનું મન થાય છે.
૨. માંગરોળમાં સદાવ્રતનો પ્રારંભ.
૩. બુધેજમાં (ખોડાભાઈના દરબારમાં).
૪. શ્રીહરિના સંતો ઉપર ભેખે વર્તાવેલો ત્રાસ.
૫. ઐશ્વર્યથી ભગવાનપણું સમજવું નહિ.

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૧-૧"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

તારીખ મહિનો વર્ષ

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- ☐☐ ☐☐ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્રશ્ન. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. સિદ્ધવલ્લભ રાજા ૨. નિત્યાનંદ સ્વામી

**વિભાગ - ૩ : 'ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' - નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. પૂજા આપણને શું કરતાં શીખવે છે ?

૨. શિક્ષાપત્રી એટલે કેવો ગ્રંથ ?

૩. સત્સંગ સભાથી જીવનમાં શાના પૃષ્ઠ ઉમેરાતાં જાય છે ?

૪. કેવો આત્મવિચાર કરવો જોઈએ ?

૫. મૂર્તિપૂજા એટલે શું ?

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૬]

૧. ઘરસભાથી શા લાભ થાય છે ?

૨. નિત્યપૂજામાં કોની કોની મૂર્તિઓ રાખી શકાય ? મૂર્તિઓ કેવી હોવી જોઈએ ?

૩. સુમેરુને શા માટે ઉલ્લંઘાય નહિ ?

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં)** [૩]

૧. આહારશુદ્ધિનો હેતુ શો છે ?

૨. ઘરમાં ટીવી વસાવવું પડે એમ જ હોય તો ટીવીમાં શું જોવું અને શું ન જોવું એ વિવેક કેમ શીખવવો ?

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદર થી વીસ લીટીમાં)** [૬]

૧. માળામાં ૧૦૮ મણકા શા માટે રાખવામાં આવે છે ?

૨. પૂજા, તિલક-ચાંદલો, પ્રદક્ષિણા, માળા વગેરેમાં ભાવના જ પ્રધાન છે તો પછી આવી સ્થૂળ ક્રિયાઓ અથવા બાહ્યોપચારની શી જરૂર છે ?

**પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ) (પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** [૧૫]

૧. યુવા ઘડતરનો મહાયજ્ઞ : બી.એ.પી.એસ. યુવા પ્રવૃત્તિ (સ્વામિનારાયણ પ્રકાશ - સપ્ટેમ્બર - ૨૦૧૨)

૨. સદાય નિર્વાસનિકતાના ભોગી : સત્પુરુષ (સ્વામિનારાયણ પ્રકાશ - નવેમ્બર - ૨૦૧૨)

૩. ૐ શ્રીસંયમશક્તિદાલો નમઃ । - પ્રમુખસ્વામી મહારાજ (સ્વામિનારાયણ પ્રકાશ - નવેમ્બર - ૨૦૧૨)

* * *

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**